પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

## -: જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.-૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ.**

ક્રમાંક : વિ.શા/એ સેકશન/મહોરમ-તાજીયા/ ૪૧/૨૦૨૦ તા. ૧૦/૦૮/૨૦૨૦

અમદાવાદ શહેરમાં દર વર્ષે મુસ્લિમ બિરાદરો દ્વારા મોહરમ-તાજીયાની ઉજવણી ખૂબ ધામધૂમ પૂર્વક કરવામાં આવે છે, આ વર્ષે મોહરમ-તાજીયાના તહેવાર સંદર્ભે કતલની રાત અને ઝુલુસ ચાંદ આધારીત આગામી તા.૨૯ અને તા.30/૦૮/૨૦૨૦ અથવા તા.30 અને તા.૩૧/૦૮/૨૦૨૦ના રોજ મોહરમ-તાજીયાનો તહેવાર ઉજવવામાં આવનાર છે, હાલમાં વિશ્વમાં COVID-2019 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે, ભારત સરકારશ્રી દ્વારા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ -૨૦૦૫ તેમજ ગુજરાત સરકારશ્રી દ્વારા ધી એપેડેમીક ડીસીઝ એક્ટ -૧૮૯૭ હેઠળ ઉપરોક્ત જાહેરનામા અમલમાં મુકવામાં આવેલ છે.તથા કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરવામાં આવેલ છે, અને કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ ના નં.-૨) ની કલમ-૧૪૪ મુજબના પગલાં લેવા જરૂરી છે.

તેમજ હાલમાં વિશ્વમાં કોવિડ-૧૯ કોરોના વાયરસ ફેલાયેલ હોય અને દેશમાં અનલોક-3 જાહેર કરવામાં આવેલ છે. જેમાં અમદાવાદ શહેરમાં કોરોના વાયરસના કારણે સંક્રમણના વધુ કેસો થયેલ હોય જેમાં સરકારશ્રી દ્વારા થોડી છુટછાટ જાહેર કરવામાં આવેલ છે. જે અંગે ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના જાહેરનામાં 40-3/2020-DM-I(A), તા.૨૯/૦૭/૨૦૨૦ સમગ્ર દેશમાં CLUSTER CONTAINMENT ZONES વિસ્તારોમાં સદર લોક ડાઉન તા.૦૧/૦૮/૨૦૨૦ થી તા.૩૧/૦૮/૨૦૨૦ સુધી વધારવા માટે અને ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક : જીજી/૪૮/૨૦૨૦/વિ-૧/ કઅવ/૧૦૨૦૨૦/૪૮૨/૨૦૨૦ તા.30/૦૬/૨૦૨૦ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામા હેઠળ અમદાવાદ શહેરમાં અનલોક-3 નું ચુસ્તપણે અમલ કરવામાં આવતો હોય, જેથી સરકારશ્રીની ગાઇડ લાઇન મુજબ આ જાહેરનામું કોઇ પણ જાતના સામાજીક કે ધાર્મિક કાર્યક્રમો, સામાજીક મેળાવડા પર પ્રતિબંધ દર્શાવે છે. અને સદર તહેવારની ઉજવણી દરમ્યાન આ બાબતોને ધ્યાને રાખી અમદાવાદ શહેરની જનતાની શાંતિ અને સલામતી જળવાય રહે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી સાવચેતીના પગલા રૂપે નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

## -: હુકમ:-

વાસ્તે હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.-૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરું છું, કે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં તા.૧૧/૦૮/૨૦૨૦ ના કલાક ૦૦/૦૦ થી તા. ૦૨/૦૯/૨૦૨૦ ના કલાક ૨૪/૦૦ વાગ્યા સુધી પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

## -: પ્રતિબંધિત વિસ્તાર અને કૃત્યો:-

1. કોઇ પણ વ્યક્તિ, મહોરમના દિવસે અને કતલની રાતના સમયે જાહેર જગ્યામાં કે ખાનગી જગ્યામાં, શેરીઓમાં કે મહોલ્લામાં જાહેરમાં તાજીયાને ઠંડા કે વિસર્જન કરવા માટે જાહેરમાં કોઇ કાર્યક્રમ, ઝુલુસ કે વિસર્જન યાત્રા યોજી શકાશે નહીં.
2. તાજીયા ૦૨(બે) ફુટ કરતા વધારે ઉંચાઇના બનાવવા, સ્થાપના કરવા કે વિસર્જન કરવા કે જાહેર માર્ગ ઉપર પરીવહન કરવા ઉપર.
3. કોઇપણ જાહેર સ્થળ પર કે સામુહીક રીતે સોસાયટી, મહોલ્લા, આયોજકો કે કમિટી દ્વારા જાહેરમાં તાજીયા કે આવા કોઇ અન્ય ધાર્મિક ચિન્હોની સ્થાપના કરવા ઉપર.
4. તાજીયાની સ્થાપના માટે જાહેરમાં મંડપ, પંડાલ, ડેકોરેશન કે અન્ય કોઇ હંગામી સ્ટ્રકચર ઉભું કરી શકાશે નહીં. તેમજ ધાર્મિક વિધિ માટે લાઉડ સ્પીકર કે ડી.જે.નો ઉપયોગ કરવા ઉપર.
5. તાજીયાની સ્થાપના દરમ્યાન જાહેરમાં કોઇ ધાર્મિક, સામાજીક કે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવા ઉપર.
6. મહોરમના દિવસે અને કતલની રાતના સમયે તાજીયાને ઠંડા કે વિસર્જન કરવા માટે જાહેરમાં કોઇ કાર્યક્રમ, ઝુલુસ કે વિસર્જન યાત્રા યોજવા ઉપર.
7. તાજીયાની સ્થાપના કે ધાર્મિક કાર્યક્રમમાં કોઇ જાતિ કે ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાય તેવું કોઇ કૃત્ય કરવા ઉપર.

## -:: સુચનો ::-

1. ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના જાહેરનામાં ક્રમાંક: 40-3/2020-DM-I(A), તા.૨૯/૦૭/૨૦૨૦ થી આપવામાં આવેલ માર્ગદર્શિકાનું સંપૂર્ણપણે પાલન કરવાનું રહેશે.
2. ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક: જીજી/૪૮/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/ ૪૮૨/ ૨૦૨૦ તા.૩૧/૦૭/૨૦૨૦ થી આપવામાં આવેલ માર્ગદર્શિકાનું સંપૂર્ણપણે પાલન કરવાનું રહેશે.
3. લોકો પોત-પોતાના ઘરે મન્નતના તાજીયા યોજી બંદગી કે અન્ય ધાર્મિક વિધિ પોત-પોતાના ઘરે કરી શકશે.
4. મન્નતના તાજીયા ૦૨ ફુટ સુધીની ઉંચાઇ સ્થાપના ઘરમાં જ કરવી અને દરેક લોકોએ સ્થાપના કરેલ તાજીયાનું વિસર્જન ફરજીયાત પોત-પોતાના ઘરે કરવાનું રહેશે.
5. પ્રવર્તમાન પરિસ્થિતિમાં સંવેદનશીલ વ્યક્તિઓ જેવા કે, ૬૫ વર્ષથી વધારે ઉંમરના વ્યક્તિઓ, કોઇપણ પ્રકારની માંદગી/બીમારી ધરાવતા વ્યક્તિઓ, સગર્ભા સ્ત્રીઓ અને ૧૦ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને બિનજરૂરી અને અનિવાર્ય તબીબી કારણો સિવાય ઘરમાં જ રહેવા અપીલ કરવામાં આવે છે.
6. જાહેર રસ્તાઓ ઉપર કોઇ વ્યક્તિને થુંકીને કે અન્ય રીતે ગંદકી કરવી કે ગંદકી ફેલાવવી નહીં.
7. સરકારશ્રીના જાહેરનામાં અનુસંધાને તમામ વ્યક્તિઓએ જાહેરમાં ફરજીયાત માસ્ક પહેરવાનું રહેશે.

8. પ્રવર્તમાન પરિસ્થિતિમાં સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ જાહેરમાં Social Distancing ના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

9. કોઇપણ એક સ્થળે એકસાથે ૦૪ કે તેથી વધારે વ્યક્તિઓ એક સાથે ભેગા થઇ શકશે નહીં. તેમજ દરેક વ્યક્તિઓએ 'દો ગજ કી દુરી' બિનચૂકે જાળવવાની રહેશે.

## -: શિક્ષા :-

**આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.**

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

## -: જાહેર વિજ્ઞાપન :-

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂં સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં સિનિયર પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૧૭/૦૮/૨૦૨૦ ના રોજ મારી સહીં અને સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના :-

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.
(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.

(૧૬) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧,૨/ક્રાઇમ બ્રાન્ચ/મુખ્ય મથક/ટ્રાફીકશાખા,

(૧૭) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી. અમદાવાદ શહેર.

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઇન્ટે.), અમદાવાદ શહેર.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર. (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨૩) મ.પો.કમિ.શ્રી એસ.ઓ.જી.અમદાવાદ શહેર.

(૨૪) પો.ઇન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઇન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૨૬) પો.સબ.ઇન્સ.શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.

(૨૭) PRO, C.P. Ahmedabad website, twitter handle, Facebook page વિગેરે Social Media ઉપર પ્રસિધ્ધ થવા બાબત